# ખાનગી કોલેજો માટે સેલ્ફ નહીં પરંતુ સ્ટુડન્ટ ફાયનાન્સ શબ્દ વધુ યોગ્ય છે

## આ મહિનાના અંતમાં મેનેજમેન્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ લાગુ કરી દેવાશે

■ **જીટીયુના પારૂલ ઈન્સ્ટિટ્યૂટમાં સેમિનારનું ઉદઘાટન**

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા.૧૧

વડોદરા નજીક આવેલી પારૂલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી ખાતે 'ઇમર્જીંગ વિસ્ટાસ ઓફ ટેકનોલોજી ઇન ૨૧ સેન્ચ્યુરી' વિષય પર યોજાયેલા સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો.એલ.એમ.પટેલે ખાનગી કોલેજોની વ્યાખ્યાને બદલતા કહ્યું હતું કે આ કોલેજોને સેલ્ફ ફાઇનાન્સ કોલેજો ગણવામા આવે છે પરંતુ મારા મતે તો આ કોલેજો સ્ટુડન્ટ ફાયનાન્સ કોલેજો છે.તેઓએ હાયર એજ્યુકેશનની ગુણવત્તા સુધારવા પર ભાર મુક્તાં જણાવ્યુ હતું કે નવી ટેકનોલોજી સાથે અભ્યાસક્રમોમા ફેરફાર કરવો પણ જરૂરી થઇ ગયો છે.નાસ્કોમના રિપોર્ટ મુજબ ઉચ્ચ અભ્યાસ બાદ એમ્પ્લોઇબિલીટી માત્ર ૧૦ ટકા છે.આપણી એજ્યુકેશન સિસ્ટમ અને તેના પરીણામોમાંથી ઇન્ડસ્ટ્રીઝને સંતોષ નથી એનો મતલબ એ થયો કે ક્યાંક ખોટું છે. હવે ઇન્ડસ્ટ્રીઝને શું જોઇએ છે ? તે પ્રમાણે કોર્ષ ડિઝાઇન કરવાં પડશે.કેટલીક મોટી ઇન્ડસ્ટ્રીઝ તો કોલેજોમાં જઇને પ્રાધ્યાપકોને પોતાની જરૂરીયાત શું છે તે જણાવીને પ્રોફેસરોને એજ્યુકેટ કરી રહી છે.



જીટીયુના પારૂલ ઇન્સ્ટિટ્યૂટમાં સેમિનારના ઉદઘાટન પ્રસંગની તસવીર(જીગ્નેશ જોષી)

આ પધ્ધતિ ખુબ સારી છે કારણ કે આપણે હાયર એજ્યુકેશનની પધ્ધતિ બદલી શું તેનું માળખુ બદલીશુ પરંતુ અધ્યાપકો તો એ જ રહેવાના છે એટલે સૌ પ્રથમ અધ્યાપકોને નવી પધ્ધતિથી માહિતીગાર કરવા જરૂરી છે.

તેઓએ જણાવ્યું હતું કે જી.ટી.યુ ટૂંક સમયમાં મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ (એમઆઇએસ) લોન્ચ કરશે.આ સિસ્ટમમાં જીટીયુ મારફતે ગુજરાતની કોલેજોમાં એડમિશન મેળવનાર વિદ્યાર્થીનો સંપૂર્ણ બાયોડેટા હશે એટલે એક ક્લિકથી જીટીયુના ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની તમામ માહિતી મળી જશે.

આ પ્રસંગે પારૂલ ઇન્સ્ટિટ્યૂટના ટ્રસ્ટી ડૉ.દેવાંશુ પટેલે સેમિનાર યોજવા પાછળનો હેતુ સમજાવતા જણાવ્યુ હતું કે અમે ઇચ્છીએ છીએ કે પારૂલના વિદ્યાર્થીઓને વિશ્વસ્તરની સુવિધા સાથે વિશ્વસ્તરનું એજ્યુકેશન પણ મળે.આ સેમિનારમાં દેશભરમાંથી ઉપસ્થિત ૨૦૦થી વધુ સ્કોલરોએ રિસર્ચ પેપર રજૂ કર્યા છે.એટલે કે આ ૨૦૦ સ્કોલરો કંઇક નવુ લાવ્યા છે જે જોઇને પારૂલના ટીચરો,પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને પણ નવા રિસર્ચ કરવાની પ્રેરણા મળશે.